ગુજરાતી ભાષામાં પ્રસિદ્ધ થતાં ખ્રિસ્તી સામયિકોમાં નં. ૧ સામયિક...
ગુજરાતી ક્રિશ્ચિયન્સ
આપણી સામાજિક નિકટતાનો સેતુ
www.gujaratichristians.com
વર્ષ:૧૩ અંક:૧ સળંગ અંક:૧૪૫ જાન્યુઆરી ૨૦૧૯

**તંત્રી:** જોસેફ બેન્જામીન
PGDPP (Print & Publish)
MBA (Systems) (Marketing)

**સંપર્ક :** કાર્યાલય : ૦૭૯-૨૨૧૬૨૪૪૧
પ્રેસ : ૦૭૯-૨૨૯૩૨૪૪૧

**પ્રકાશક:**
જોસેફ બેન્જામીન
**પ્રકાશન સ્થળ/કાર્યાલય:**
એ/૪, બેથલેહેમ ફ્લેટ્સ, પટેલવાડી,
ખોખરા સ્વિમિંગ પુલ સામે, મણિનગર (પૂર્વ),
અમદાવાદ - ૩૮૦ ૦૦૮.

**વાર્ષિક લવાજમ:**
ભારતમાં: રૂા. ૧૨૦ છૂટક નકલ : રૂા. ૧૦
વિદેશમાં: રૂા. ૧૬૦૦ US $ 35
ચેક/ડ્રાફ્ટ : JENSON MEDIA CORPORATION ના નામે લખો.

**E-mail:**
**advtgc@gmail.com**

Gujarati Christians (Gujarati Monthly -1st of every month)
Owned, Printed and Published by Joseph Emmanuel Benjamin and Printed by him at Madhvi Offset Pvt. Ltd., B-20/21, Mohan Estate, Opp. Anupam Cinema, Khokhra, Ahmedabad-380 008 Published by him from A/4 Bethlehem Flats, Patelwadi, Maninagar(E), Ahmedabad-380 008 Editor : Joseph Emmanuel Benjamin.
*Annual Subscription :* Rs.120/-
*Retail selling price:* Rs. 10/-

जोसेफ ईमानुएल बेन्जामीन द्वारा माधवी ओफसेट प्रा.ली., बी २०-२१ मोहन एस्टेट, अनुपम सिनेमाके सामने, खोखरा, अहमदाबाद में मुद्रित एवं ए/४, बेथलेहेम फ्लेटस् पटेलवाडी, मणिनगर पूर्व, अहमदाबाद से प्रकाशित. संपादक : जोसेफ ईमानुएल बेन्जामीन.

*માલિક, મુદ્રક અને પ્રકાશક જોસેફ ઈમાનુએલ બેન્જામીન દ્વારા માધવી ઓફસેટ પ્રા.લી., બી-૨૦/૨૧, મોહન એસ્ટેટ, અનુપમ સિનેમાની સામે, ખોખરા, અમદાવાદમાં મુદ્રિત અને એ/૪, બેથલેહેમ ફ્લેટ્સ, પટેલવાડી, મણિનગર (પૂર્વ), અમદાવાદથી પ્રકાશિત. તંત્રી: જોસેફ ઈમાનુએલ બેન્જામીન.*

# સામયિકના મુખેથી...

યહોવા કૃપાળુ તથા રહેમી છે;
તે કોપ કરવે ધીમા તથા
અતિ કરુણામય છે.
યહોવા સર્વને હિતકારક છે;
પોતાનાં સર્વ કામો પર
તેમની રહેમ છે.

હે યહોવા, તમારાં સર્વ કામ
તમારો આભાર માનશે;
અને તમારા ભક્તો
તમને સ્તુત્ય માનશે.
તેઓ તમારા રાજ્યના ગૌરવ
વિષે બોલશે,
તેઓ તમારા પરાક્રમ સંબંધી
વાતો કરશે;
એથી માણસો તેમનાં પરાક્રમી કામ,
તથા તેમના રાજ્યના ગૌરવની
શોભા વિષે જાણશે.
તમારું રાજ્ય સર્વકાળનું રાજ્ય છે,
તમારો અધિકાર પેઢી દરપેઢી [ટકી રહે છે].

સર્વ પડતા માણસોને
યહોવા આધાર આપે છે,
અને સર્વ દબાઈ રહેલાઓને
તે ઊભા કરે છે.

# અનુક્રમ જાન્યુઆરી ૨૦૧૯


શ્રેણી નિરાકરણ : સ્વર્ગીય સ્થાનો એટલે કઈ જગા ? ૧૬

ઈમુભાઈની બોધકથાઓ : સીધોસાદો વિશ્વાસ અને... ૨૦

વિવિધ

આશીર્વાદ અને શાપ ... જયંતિ ક્રિશ્ચિયન ... ૧૪
નવી ઉત્પત્તિ ... હેઈઝલ પીનાકીન ... ૨૨
પ્રાર્થના ... રેવ. જોન ઉપાધ્યાય ... ૨૪
Happy New Year ... સત્યનેશન કંદસ્વામી ... ૨૬
પ્રભુ તુજ ઇચ્છા ... રેવ. ડૉ. ચંદ્રકાન્ત પથિક ... ૨૮
આઠ (૮) ... સ્ટીવન્સ મેકવાન ... ૪૦
નવા વર્ષના નવા સંકલ્પ ... જયપ્રકાશ રૉય ... ૪૮
નવો નિર્ણય ... માઈકલ ક્રિશ્ચિયન ... ૫૦
અતકર્ય ... કે. ડી. મેકવાન ... ૫૨
વનસ્પતિ ... જે. આર. ક્રિશ્ચિયન ... ૫૩

ઉપરાંત

સામયિકના મુખેથી ... ૩
તંત્રીની કલમે ... ૫
પ્રતિભાવ ... ૭
ઘરસંગત બાઈબલ અભ્યાસ ... ૯
કાવ્યોત્સવ ... ૧૦
શાંત સમયે ... ૧૯
ઉત્તરાયણ સ્પેશિયલ ... ૩૭
ખ્રિસ્તી વિશ્વની અટારીએથી ... ૫૯
હલ્લો ગુજરાત ... ૬૧
શબ્દગૂંચ ... ૬૨


તો ખરું જ...

# તંત્રીની કલમે

***ખ્રિસ્તમાં વહાલાં મિત્રો,***

ખ્રિસ્તમાં વહાલા મિત્રો,

નવા વર્ષની પ્રેમી સલામ! ૨૦૧૯નું નવું વર્ષ આપ સૌનાં અંગત જીવનોમાં અને સમગ્ર ગુજરાતી ક્રિશ્ચિયન્સ સમુદાયનાં કુટુંબો અને મંડળીઓમાં અદ્ભુત આત્મિક અને ભૌતિક આશીર્વાદોનું વર્ષ બની રહે તેવું હૃદયપૂર્વક પ્રાર્થું છું. જે કુટુંબો આ વર્ષે પ્રથમવાર જ આ સામયિકના વાચકો બન્યાં છે, તે સૌ વહાલાંઓનું પ્રભુ ઈસુ ખ્રિસ્તના નામમાં 'ગુજરાતી ક્રિશ્ચિયન્સ'ના બહોળા પરિવારમાં સ્વાગત કરું છું, આવકારું છું.

નવું વર્ષ એટલે અમર્યાદિત સંભાવનાઓ અને શક્યતાઓથી સભર એક્શન પેક્ડ નવા નક્કોર ત્રણસોને પાંસઠ દિવસ! આશાઓ, અરમાનો, સ્વપ્નો સાકાર કરવા માટે આવશ્યક સમયનો એક ખાસ્સો મોટો સમયગાળો. વિતેલું વર્ષ પાછળ રહી ગયું છે. ઈતિહાસ બની ગયું છે. તક મળે તો ગયા વર્ષની ઘણી બધી બાબતો બદલવાની, જુદી રીતે કરવાની, અમુક બાબતો નહીં કરવાનું આપણે ચોક્કસ ઇચ્છીએ પણ ગત વર્ષમાં જે ઘટ્યું તેને કોઈપણ સંજોગોમાં બદલી શકાય નહીં. વિતેલો સમય કદી પણ પાછો ફરતો નથી. આપણે દરેકે એ કબૂલ કરવું જ રહ્યું કે ગત વર્ષ આપણે જે રીતે વિતાવ્યું તેના કરતાં વધુ સારી રીતે વિતાવી શક્યા હોત. ગત વર્ષે આપણે ઘણી બધી બાબતોમાં નિષ્ફળ નિવડ્યા પણ આ નિષ્ફળતાઓ જ આ વર્ષે આપણને વધુ જુસ્સાથી આગળ વધવા માટે પ્રોત્સાહિત કરશે. આપણી ભૂલો અને આપણી નિષ્ફળતાઓ આપણા માટે શ્રેષ્ઠ શિક્ષકની ગરજ સારે છે. નવા વર્ષમાં ગત વર્ષમાં જો કોઈ બાબતમાં નિરાશા અને હતાશા સાંપડી હોય તો તેને ખંખેરીને જીવનના તમામ પાસાંઓમાં સફળતા મેળવવા સારુ કમર કસીએ.

સફળ થઈ શકાય તે માટે જો આપણે ઈશ્વરની સહાય, દોરવણી અને આશિષ મળે તેવું ઇચ્છતા હોઈએ અને મોટાં મોટાં સ્વપ્ના પણ સેવતા હોઈએ પરંતુ તે અંગે કશું જ નક્કર કર્યા વગર આળસુ બનીને બેસી રહીએ તો ઈશ્વર આશીર્વાદ આપશે નહીં. ફક્ત સારા અને ઉમદા વિચારોને ઈશ્વર આશિષ આપશે નહીં. તમારે તે વિચારો



સાકાર કરવા માટે પ્રયત્નો અને શ્રમ કરવા પડશે. પછી એ પ્રયત્નોમાં તમે નિષ્ફળ જાઓ તો પણ ઈશ્વર આશિષ આપશે. કારણ કે તમે વિશ્વાસ અને આશા તથા ઈશ્વર ઉપર પ્રેમ રાખીને પૂરા મનથી પ્રયત્નો કર્યા અને શ્રમ કર્યો. માણસો બાહ્ય દેખાવ જુએ છે પણ ઈશ્વર તો વ્યક્તિનું અંતઃકરણ જુએ છે.

નવા વર્ષમાં સફળ થવાની ચાવી શું છે? પાપ અને નિષ્ફળતાની સાચી કબૂલાત કરી ઈશ્વર સાથે સમાધાન સાધી તેમના સહવાસમાં એક નવી અને સાચી શરૂઆત. પસ્તાવાવાળા હૃદયને ઈશ્વરપિતા પ્રેમ કરે છે. પસ્તાવા સહિત ઈશ્વર પાસે પાછા ફરેલા આત્મા ઉપર તે પુષ્કળ ઉદારતાથી આશિષોની વૃષ્ટિ કરે છે. આ સામયિકના વાચકો તરીકે આપણે સૌ આ નવા વર્ષના પ્રથમ દિવસથી જ ઈશ્વરની સાથે એક નવી શરૂઆત કરીશું તેવી દૃઢ ખાતરી હોવાને કારણે જ 'ગુજરાતી ક્રિશ્ચિયન્સ'ના વર્ષ ૨૦૧૯ના કેલેન્ડરના પ્રથમ પૃષ્ઠ (જાન્યુઆરી) ઉપર આ બાબતે ઈશ્વરપિતાના પ્રત્યુત્તરરૂપે "તમે જીવતા રહો, ને વૃદ્ધિ પામો" (પુન. ૮:૧) એ વચન વિશ્વાસસહિત છાપ્યું છે.

તમારા જીવનમાં અત્યાર સુધી જો તમે ઈશ્વરની ઇચ્છાને બિનમહત્ત્વની બાબત ગણી હોય તો હાલ અને અત્યારે જ ઈશ્વરની સાથે આ બાબતે સમજૂતી સાધવાનો અને સમાધાનમાં આવવાનો યોગ્ય સમય છે. આમ કરવાથી આપણે ઈશ્વરને આપણો ઉપયોગ કરવાની અને આપણને આશીર્વાદિત કરવાની સંમતિ આપીએ છીએ.

ઈશ્વરની કૃપા તથા દયા સાથે ઘણાં બધા લોકો રમત રમે છે અને પરિણામે આશીર્વાદ ગુમાવે છે અને નરકમાં અનંતકાળ વિતાવવાનો ખતરો વહોરી લે છે. બાઇબલ કહે છે કે ઈશ્વરપિતા ઘણી રાહ જુએ છે ખરા પણ તેની પણ એક સીમા હોય છે. છેવટે તો ઈશ્વરનો આત્મા માણસો સાથે વધારે વાદવિવાદ કરતો નથી.

અંગત રીતે જણાવું તો મારી અંતઃકરણપૂર્વકની ઇચ્છા અને પ્રાર્થના છે કે પ્રભુ ઈસુ ખ્રિસ્તનું બીજું આગમન મારા જીવનકાળ દરમિયાન જ થાય. આથી દર વર્ષની માફક આ નવા વર્ષમાં ડગ માંડતી વેળાએ પણ અચૂક એવો વિચાર આવી જાય છે કે, શું વર્ષ ૨૦૧૯માં પ્રભુ ઈસુનું આવવું થશે? અને જો એમ થાય તો એનો

અર્થ એ થયો કે જેઓ ખ્રિસ્તમાં છે તેઓ તેમના આગામી તમામ નવાં વર્ષો, અનંતકાળ સુધી, પ્રભુની સાથે સ્વર્ગમાં ગાળશે! આ નવા વર્ષમાં શું તમે પણ પ્રકારની આ શક્યતા માટે આત્મિક રીતે તૈયાર છો?

ઈશ્વરપિતાની અસીમ કૃપા થકી જ આપણું આ સામયિક તેરમા વર્ષમાં પ્રવેશ્યું છે. કોઈ એક સામયિક દ્વારા અગાઉ કદીયે ન થયું હોય તેવું પવિત્ર આત્માનું કાર્ય આ સામયિક દ્વારા કરવાનું ઈશ્વરપિતાએ પસંદ કર્યું છે. પડકારો અનેક છે. અંતરાયો, વિઘ્નો, અટકાવ અને મુશ્કેલીઓ પણ અનેક છે. "તો પણ જેણે આપણા ઉપર પ્રેમ રાખ્યો છે, તેને આશરે આપણે એ બધી બાબતોમાં વિશેષ જય પામીએ છીએ." (રોમ. ૮:૩૭). આપની સતત પ્રાર્થનાઓ અને અનેરાં ઉત્તેજનની અપેક્ષા રાખું છું.

આ સામયિક આપણા સૌનું છે. અથાગ પરિશ્રમ માંગતું આ એક મોટું કાર્ય છે. ખ્રિસ્તના રાજ્યની વૃદ્ધિ થાય અને આવનાર દિવસોમાં ત્રિએક ઈશ્વરને ગુજરાતની ખ્રિસ્તી મંડળી દ્વારા મોટો મહિમા મળે તે માટે આ સામયિકને આપણા સૌના એક સહિયારા અભિયાન તરીકે નિભાવવા અને નિયમિત ટેકો કરવા પ્રાર્થનાસહિત પ્રયત્નશીલ થવા આપને વિનંતી છે.

આપની આસપાસ વસતાં ખ્રિસ્તી કુટુંબો આ સામયિક મંગાવે અને આત્મિક આશિષ પામે તે માટે તમારાથી બનતા તમામ પ્રયત્નો કરશો.

ખૂબ જ પ્રેમભાવથી

ખ્રિસ્તની સેવામાં આપનો આભારી,




**આ સામયિક 'ગુજરાતી ક્રિશ્ચિયન્સ'માં કોઈપણ લેઈટ ફી વગર દર મહિનાની ૨૦મી તારીખ સુધી જાહેરાતો સ્વીકારવામાં આવે છે.**

**કાનૂની સ્પષ્ટતા -** Legal Disclaimer - Gujarati Christians Monthly - ગુજરાતી ક્રિશ્ચિયન્સ સામયિકમાં પ્રગટ થતાં લેખો, વિભાગો, કાવ્યો, વાર્તાઓ, સમાચારો, પ્રતિભાવો, જાહેરાતો વગેરે સાથે તંત્રી, પ્રકાશક, મુદ્રક સંમત છે જ તેમ માનવું નહીં. લેખન અંગેની તમામ જવાબદારી જે તે લેખકની રહેશે.જાહેરાત અંગેની તમામ જવાબદારી જાહેરાત આપનારની રહેશે. કોઈપણ સંજોગોમાં આ સામયિકમાં લખાતાં - છપાતાં લખાણ માટે તંત્રી, પ્રકાશક કે મુદ્રકને જવાબદાર ઠેરવી શકાશે નહીં. જાહેરાત આપનારની સાથે વાચકોએ પોતાની વિવેકબુદ્ધિથી અને પોતાના જોખમે વ્યવહાર કરવો.

આ સામયિકની ડિઝાઈન, ગોઠવણ, શૈલી, ચિત્રો વગેરેનું કોઈપણ રીતે અનુકરણ કરી શકાશે નહીં. પ્રકાશકની લેખિત અનુમતિ વગર કોઈપણ કૃતિનો ઉપયોગ કરવો નહીં. જે કોઈ આમ કરવામાં કસૂરવાર ઠરશે તે કાયદેસરની કાર્યવાહીને પાત્ર બનશે. ન્યાયક્ષેત્ર અમદાવાદ રહેશે.